ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ તા.૦૧.૧૧.૨૦૧૯

------------

**આવતીકાલે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં તથા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ભાજપા પ્રદેશ કાર્યાલય ''શ્રી કમલમ્'' ખાતે સવારે ૧૦.૩૦ કલાકથી પ્રદેશ બેઠક યોજાશે.**

------------

પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની એક અખબારી જણાવે છે કે, ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં તથા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં આવતીકાલે સવારે ૧૦.૩૦ કલાકથી ભાજપા પ્રદેશ કાર્યાલય ''શ્રી કમલમ્'' કોબા, ગાંધીનગર ખાતે સંગઠન પર્વ અંતર્ગત ભાજપાની પ્રદેશ બેઠક યોજાશે.

જેમાં સંગઠન સઃરચનાની કામગીરી, સેવા સપ્તાહ કાર્યક્રમો, નમામિ દેવી નર્મદે કાર્યક્રમો, પંડિત દીનદયાળ ઉપાધ્યાયજી જન્મજયંતિ કાર્યક્રમો તથા સંપર્ક અભિયાન જેવા કાર્યક્રમોની સમીક્ષા તેમજ આગામી નવા વર્ષના સ્નેહમિલન કાર્યક્રમોના આયોજન અંગેની ચર્ચા તેમજ આગામી સંગઠનાત્મક કાર્યક્મો અંગે માર્ગદર્શન આપવામાં આવશે.

આ પ્રદેશ બેઠકમાં પ્રદેશ હોદ્દેદારશ્રીઓ, મોરચાના પ્રદેશ પ્રમુખશ્રીઓ, જીલ્લા/મહાનગરના પ્રભારીશ્રીઓ, જીલ્લા/મહાનગરના પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, સંગઠન પર્વના પ્રદેશ અને ઝોન ઇન્ચાર્જ-સહઇન્ચાર્જશ્રીઓ, સંગઠન પર્વના જીલ્લા/મહાનગરના ઇન્ચાર્જશ્રીઓ તથા પ્રદેશ દ્વારા નિયુક્ત કરેલ જીલ્લા/મહાનગરના સંરચના અધિકારીશ્રીઓ તથા સહ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેશે.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ